# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

**“શિક્ષક યોગ્યતા કસોટી-I ( TET-I ) પરીણામ જાહેરનામું”**

**“Teacher Eligibility Test-I ( TET-I ) Result Notification”**

**જાહેરનામાં ક્રમાંક:રાપબો/ SEC/TET-I/૨૦૧૮/૨૦૭૪-૨૧૯૪** **તા:૨૭/03/૨૦૧૮**

The Right of Children to free and Compulsory Education Act-2009 અને શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક, તા:૨૭-૦૪-૨૦૧૧ તથા તા:૧૪-૦૭-૨૦૧૧ અને તા:03-૦૫-૨૦૧૨ તથા તા:૧૮-૦૫-૨૦૧૨ ના સરખા ક્રમાંકના સુધારા ઠરાવ તથા તેમાં થયેલ વખતોવખતના સુધારાથી જિલ્લા શિક્ષણ સમિતિ/ નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયકની નિમણૂંક માટેના ધારા-ધોરણો નિયત થયેલ છે.

શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : પીઆરઇ- ૧૧૧૧-૭૧૧- ક,તા:૨૭-૪-૨૦૧૧ થી પ્રાથમિક શાળા(ધોરણ ૧ થી ૫)માં પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની જરૂરી લાયકાત મેળવવા આવશ્યક “શિક્ષક યોગ્યતા કસોટી-I” યોજવા માટે પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

રાજય પરીક્ષા બોર્ડના તા:૧૨/૧૦/૨૦૧૭ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-I/૨૦૧૭/૬૮૨૮-૬૮૭૨ થી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક શાળા(ધોરણ ૧ થી ૫)માં પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા:૦૪/03/૨૦૧૮ (રવિવાર) ના રોજ બપોરે ૩.૩૦ કલાક થી સાંજે ૫.૦૦ કલાક દરમિયાન અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા ખાતે શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I) (Teacher Eligibility Test-II (TET-I)) નું આયોજન કરવામાં આવેલ હતું.

આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા:૦૫/03/૨૦૧૮ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી અને આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે ઉમેદવાર રજૂઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા તા.૦૬/03/૨૦૧૮ (૧૨.૩૦.૦૦ કલાક) થી તા.૧૦/03/૨૦૧૮ (૨૩.૫૯.૫૯ કલાક) સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારોને સાથે વેબસાઈટ પર આપેલ લીંક પર ઓનલાઇન અપલોડ કરી મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે મળેલ તમામ રજૂઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા તમામ રજૂઆતો અને આધારોની ચકાસણી કરી પ્રોવિઝનલ આન્સર કીમાં આપેલ ઉત્તરો પૈકી નીચે મુજબ માધ્યમવાર-વિષયવાર આન્સર કી માં સુધારા કરવા ભલામણ કરેલ હતી. જે અન્વયે આ કચેરી દ્વારા તજજ્ઞ સમિતિની ભલામણના આધારે નીચે મુજબની વિગતે પ્રોવિ. આન્સર કી માં સુધારા કરી આજરોજ ફાઇનલ આન્સર કી તૈયાર કરવામાં આવેલ છે.

| માધ્યમવાર પ્રશ્નોના વિકલ્પમાં/જવાબમાં 'CHANGE' અને 'GRACE' થયેલ પ્રશ્નોની સંખ્યા | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માત્ર અંગ્રેજી માધયમમાં | | માત્ર ગુજરાતી માધ્યમમાં | | માત્ર હિન્દી માધ્યમમાં | | ત્રણેય માધ્યમમાં સામાન્ય | | કુલ | |
| CHANGE | GRACE | CHANGE | GRACE | CHANGE | GRACE | CHANGE | GRACE | CHANGE | GRACE |
| - | 1 | - | 2 | - | - | 2 | 1 | 2 | 4 |

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૦૪/૦૩/૨૦૧૮ (રવિવાર) ના રોજ શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I) {Teacher Eligibility Test-I (TET-I)}નું પરીણામ અને હાજર ઉમેદવારોની OMR Sheet તથા ફાઇનલ આન્સર કી આજરોજ નીચેની વિગતે બોર્ડની વેબસાઇટ (http://result.sebgujarat.com અને http://gujarat-education.gov.in/seb/) પર જાહેર કરવામાં આવે છે.

- <u>પરીણામની વિગતો:</u>

| Medium | Category | Register | Absent | Present | Not Qualified | Qualified | Result (%) |
|---|---|---|---|---|---|---|---|
| Gjarati | General | 22976 | 5168 | 17808 | 16834 | 974 | 5.47 |
| | SC | 12775 | 1950 | 10825 | 9675 | 1150 | 10.62 |
| | SEBC | 34294 | 5687 | 28607 | 25012 | 3595 | 12.57 |
| | ST | 20915 | 3368 | 17547 | 16999 | 548 | 3.12 |
| | **Total** | **90960** | **16173** | **74787** | **68520** | **6267** | **8.38** |
| English | General | 476 | 105 | 371 | 355 | 16 | 4.31 |
| | SC | 98 | 8 | 90 | 83 | 7 | 7.78 |
| | SEBC | 148 | 22 | 126 | 110 | 16 | 12.70 |
| | ST | 120 | 28 | 92 | 91 | 1 | 1.09 |
| | **Total** | **842** | **163** | **679** | **639** | **40** | **5.89** |
| Hindi | General | 359 | 90 | 269 | 247 | 22 | 8.18 |
| | SC | 21 | 8 | 13 | 13 | 0 | 0.00 |
| | SEBC | 86 | 15 | 71 | 59 | 12 | 16.90 |
| | ST | 18 | 5 | 13 | 13 | 0 | 0.00 |
| | **Total** | **484** | **118** | **366** | **332** | **34** | **9.29** |
| | | | | | | | |
| All Medium | General | 23811 | 5363 | 18448 | 17436 | 1012 | 5.49 |
| | SC | 12894 | 1966 | 10928 | 9771 | 1157 | 10.59 |
| | SEBC | 34528 | 5724 | 28804 | 25181 | 3623 | 12.58 |
| | ST | 21053 | 3401 | 17652 | 17103 | 549 | 3.11 |
| | **Total** | **92286** | **16454** | **75832** | **69491** | **6341** | **8.36** |

❖ <u>અગત્યની સૂચનાઓ:</u>

- શિક્ષણ વિભાગના તા:૨૭/૦૪/૨૦૧૧ ઠરાવક્રમાંક: પીઆરઈ-૧૧૧૧-૭૧૧-ક મુજબ શિક્ષક યોગ્યતા કસોટી-I માં
    - અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિકલાંગ ઉમેદવારોના કિસ્સામાં કુલ ૮૨ ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવેલ છે.
    - અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિકલાંગ ઉમેદવારો સિવાયના અન્ય ઉમેદવારોના કિસ્સામાં કુલ ૯૦ ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવેલ છે.
- માત્ર કસોટીમાં પાસ થયેલ છે તેવા ઉમેદવારોને ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ટૂંક સમયમાં સ્પીડ પોસ્ટ/રજીસ્ટર એડી મારફતે સંબંધિત ઉમેદવારો દ્વારા ઓનલાઇન આવેદનપત્ર ભરતી વખતે દર્શાવેલ હાલના રહેઠાણના સરનામા પર મોકલી આપવામાં આવશે.
- જે ઉમેદવાર પોતાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા માંગતા હોય તે ઉમેદવાર તા:૨૭/03/૨૦૧૮, તા:૨૮/03/૨૦૧૮ અને તા:૩૧/03/૨૦૧૮ ના રોજ કચેરીના કામકાજના દિવસોમાં કચેરી સમય દરમિયાન "રાજ્ય પરીક્ષા બોર્ડ, સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧,ગાંધીનગર" ખાતે રૂબરૂ OMR Sheet ની પુન:ચકાસણી કરાવી શકશે. તા:૩૧/03/૨૦૧૮ બાદ OMR Sheet ની પુન:ચકાસણીની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
- OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા માટે ઉમેદવારે પોતાની હોલટીકીટની નકલ તથા OMR Sheetની નકલ સાથે બોર્ડમાં લેખિત અરજી આપવાની રહેશે. (લેખિત અરજી માટેનો નમૂનો આ સાથે સામેલ છે.) આ ઉપરાંત OMR Sheet ની પુન:ચકાસણીની ફી પેટે રૂ! ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવવાના રહેશે.



**સ્થળ:ગાંધીનગર**
**તારીખ:૨૭/03/૨૦૧૮**

**(પી એ. જલુ)**
**અધ્યક્ષ**
**રાજય પરીક્ષા બોર્ડ**
**ગાંધીનગર**

➢ <u>પ્રતિ:</u>

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,તમામ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

ઉમેદવારનુ નામ :- .............................

બેઠક નંબર:- ....................................
પ્રશ્ન પુસ્તિકા નંબર :- .........................
પરીક્ષાનો જિલ્લો:- .............................
પરીક્ષા કેન્દ્રનુ નામ :- ..........................
બ્લોક નંબર:- ....................................
મોબાઇલ નં:- ...................................

પ્રતિ,
સચિવશ્રી,
રાજય પરીક્ષા બોર્ડ
સરકારી પુસ્તકાલય પાસે,
સેક્ટર-૨૧,ગાંધીનગર-૩૮૨૦૨૧

**વિષય:- TET-I પરીક્ષાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા બાબત.**

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૦૪/૦૩/૨૦૧૮ ના રોજ લેવાયેલ પરીક્ષા મેં ઉપર દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર અને બ્લોક ખાતે આપેલ છે. તા:૨૭/૦૩/૨૦૧૮ ના રોજ જાહેર કરવામાં આવેલ આ પરીક્ષાના પરીણામમાં મને ................ગુણ મળેલ છે.

રાજય પરીક્ષા બોર્ડની વેબસાઇટ પર મુકવામાં આવેલ ફાઇનલ આન્સર કી અને મારી OMR Sheet ની ચકાસણી કરતા મને.................ગુણ મળવાપત્ર થાય છે.

આથી રાજય પરીક્ષા બોર્ડ તા:૨૭/૦૩/૨૦૧૮ ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/SEC/TET-I/૨૦૧૮/ ૨૦૭૪-૨૧૯૪ માં સૂચવ્યા મુજબ TET-I પરીક્ષાની OMR Sheet ની પુન:ચકાસણી કરાવવા મે તા:...........................ના રોજ પહોંચ નં:...............................થી રૂ! ૧૦૦/- રોકડમાં રાજ્ય પરીક્ષા બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવેલ છે. તો મારી TET-I પરીક્ષાની OMR Sheet ની પુન:ચકાસણી કરી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

.......................................
(ઉમેદવારની સહિ)

બિડાણ: ૧.હોલટીકીટ ની નકલ
૨.OMR Sheet ની નકલ

- **OMR Sheet ની રૂબરૂ પુન:ચકાસણી બાદ ગુણની સ્થિતિ:**
  **(નીચેની વિગત બોર્ડ ખાતે રૂબરૂ પુન:ચકાસણી બાદ ભરવાની રહેશે.)**

...............................................................................................................................................

**તા:...................** **ઉમેદવારની સહિ.........................**

**સ્થળ: ગાંધીનગર.**